ISSN: 2394-3122 (Online)

Volume 1, Issue 1, November 2014

SK International Journal of Multidisciplinary Research Hub

Research Article / Survey Paper / Case Study

Published By: SK Publisher

# પેકિંગ પ્રત્યે લોકો નું મનોવલણ

# Public attitude regarding Packaging

**Shivkumar Trivedi**
Management External Department (M.Com)
Maharaja Krishnakumarsinhji Bhavnagar University
Bhavnagar – India

***Abstract:*** *પ્રસ્તુત સંશોધનમાં લોકો નું પેદાશ પેકિંગ પ્રત્યેના મનોવલણ જાણવાનો હતું એટલે કે લોકો કેવા પ્રકાર નું પેકિંગ પસંદ કરતા હોય છે. જેમ કે, પેકિંગ માં પૂંઠા ના ખોખા, લાકડાના ખોખા, પોલીથીન બેગ, પ્લાસ્ટીક બોક્સ વગેરે નો ઉપયોગ થતો હોય છે. પ્રસ્તુત સંશોધન નો મુખ્ય હેતુ ભાવનગર શહેર ના લોકો નો પેદાશ પેકિંગ માં ક્યાં પ્રકાર નું પેકિંગ પસંદ કરે છે તેની ચકાસણી કરવાનો હતો. આ હેતુ અનુસાર ભાવનગર શહેર ના જુદા જુદા ચાર વિસ્તાર માં પ્રશ્નાવલી સ્વરૂપે માહિતી એકત્ર કરવામાં આવી હતી. પ્રસ્તુત આભ્યાસ ૨૦૦ લોકો પર હાથ ધરવામાં આવ્યો હતો. પ્રાપ્ત થયેલ માહિતી અનુસાર અધિકતમ લોકો પ્લાસ્ટીક બોક્સ નો ઉપયોગ પસંદ કરે છે.*

***Keywords:*** *પેકિંગ, ભાવનગર શહેર ના વિસ્તારો.*

## ૧. પ્રસ્તાવના

પેકિંગ કાર્ય વર્તમાન સમય માં વિશિષ્ટ મહ્ત્વ ધરાવે છે. વાણિજ્યના શરૂઆતના તબક્કે પેકિંગનો મુખ્ય હેતુ વસ્તુ ની જાળવણી અને સલામતીનો હતો. પરંતુ આધુનિક સમય માં વસ્તુ નું પેકિંગ એકસાથે એક કરતા વધુ હેતુઓ સિદ્ધ કરે તેવું હોય છે.

આજ ના સમય માં લોકો વસ્તુ નો વપરાશ થઈ ગયા પછી પણ ખાલી પેકિંગ ને ઘરવપરાશ માં ઉપયોગી બને તેવું વિચારતા જોવા મળે છે. ઘણા લોકો આ પ્રકાર ની જ ચીજ વસ્તુ ની ખરીદી કરતા હોય છે જેથી તે ખાલી પેકિંગ ઘર માં ઉપયોગ માં લઈ શકે.

અત્યાર ના બજાર તરફ એક નજર ફેરવીએ તો પેકિંગ નું દિનપ્રતિદિન મહ્ત્વ વધતું જાય છે. વિવિધતા ધરાવતી અનેકવિધ વસ્તુઓ ગ્રાહકોના હાથમાં સુરક્ષિત રીતે પહોંચાડવા, માલની હેરફેર તથા સંગ્રહ સરળ બનાવવા, જાહેરાત કરવા અને લોકો ને આકર્ષવા પેકિંગ ખુબ જ આવશ્યક બની રહ્યું છે.

**પેકિંગ નો અર્થ:** પેકિંગ એ વસ્તુને કોઇપણ સાધનો કે માધ્યમો દ્વારા બાંધવાની એટલે કે પેક કરવાની પ્રવુતિ છે.

© 2014, SK Publisher All Rights Reserved 

## ૨. અભ્યાસ ના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસ નો હેતુઓ નીચે મુજબ છે.

૧) પ્રસ્તુત સંશોધન નો મુખ્ય હેતુ ભાવનગર શહેર ના લોકો નું પેકિંગ પ્રત્યે નું મનોવલણ જાણવાનું.

૨) જુદા જુદા વિસ્તાર ના લોકો માં પેકિંગ પ્રત્યના વલણ નો તફાવત જાણવાનો.

૩) માર્કેટિંગ સંચાલકો ને કે ભવિષ્ય ના સંશોધકો ને સહાયક થવું.

## ૩. અભ્યાસ નું મહત્વ

પ્રસ્તુત અભ્યાસ નું મુખ્ય મહત્વ એ છે કે આ અભ્યાસ થી માર્કેટિંગ સંચાલકો ને પેકિંગ પ્રત્યે ના મહત્વના નિર્ણયો લેવામાં સહાય રૂપ થશે.

ભાવનગર ના ચાર વિસ્તાર ના લોકો ના મનોવલણ ના તારણો જાણવાથી જે તે વિસ્તાર ના વેપારીઓ ને પેકિંગ પ્રત્યેની માહિતી પ્રાપ્ત થશે અને વેપાર ધંધા માં સરળતા થી લોકો/ગ્રાહકો ને આકર્ષિક કરી શકે છે.

## ૪. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન માં પેકિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. હાલનો અભ્યાસ પ્રાથમિક માહિતી પર આધારિત છે આથી, સંશોધક દ્વારા ભાવનગર શહેર તેમજ તેના નીચે મુજબ ના વિસ્તારો ની પસંદગી સહેતુક કરવા માં આવેલ છે. જેમાં ભાવનગર શહેર ના ચાર વિસ્તારો ૧) વિજયરાજનગર ૨) સરદારનગર ૩) શાસ્ત્રીનગર ૪) આનંદનગર ની પસંદગી કરવામાં આવેલ. આ ચાર વિસ્તાર માથી યાદચ્છીક (Random) રીતે દરેક વિસ્તાર માંથી ૫૦ લોકો ની પાસે થી પ્રશ્નાવલી સ્વરૂપે માહિતી લેવામાં આવેલ આમ કુલ ૨૦૦ લોકો પાસે થી માહિતી પ્રાપ્ત કરવા માં આવેલ હતી.

## ૫. માહિતી પ્રાપ્તિ


માહિતી ની પ્રાપ્તિ માટે ભાવનગર શહેર ના ચાર વિસ્તારો ૧) વિજયરાજનગર ૨) સરદારનગર ૩) શાસ્ત્રીનગર ૪) આનંદનગરમાં જઈ ને યાદચ્છીક (Random) પ્રશ્નાવલી ભરાવેલી જેના પર થી નીચે મુજબ ની માહિતી પ્રાપ્ત થયેલ છે.

| ક્રમ | વિસ્તારો | પૂંઠા ના ખોખા | લાકડાના ખોખા | પોલીથીન બેગ | પ્લાસ્ટીક બોક્સ |
|---|---|---|---|---|---|
| ૧ | વિજયરાજનગર | ૧૫ | ૫ | ૪ | ૨૬ |
| ૨ | સરદારનગર | ૨૦ | ૨ | ૮ | ૨૦ |
| ૩ | શાસ્ત્રીનગર | ૧૨ | ૮ | ૧૫ | ૧૫ |
| ૪ | આનંદનગર | ૧૦ | ૧૫ | ૧૦ | ૧૫ |

© 2014, SK Publisher All Rights Reserved

**માહિતી રજૂઆત અને પૃથ્થકરણ**

ઉપરોક્ત પ્રાપ્ત થયેલ માહિતી ને ચાર્ટ સ્વરૂપે નીચે મુજબ દર્શાવી શકાય. જેથી માહિતી સમજવામાં સરળતા રહે.




ઉપરોક્ત માહિતી આધારે મુખ્ય તારણ એ મળ્યું કે પ્લાસ્ટીક બોક્સ નો ઉપયોગ અધિકતમ લોકો પસંદ કરે છે. આ પાછળ નું એ પણ અગત્ય નું કારણ જાણવા મળ્યું કે જે પેદાશ પ્લાસ્ટીક બોક્સ માં મળે છે તે લોકો વધુ પ્રમાણ માં ખરીદી કરતા હોય છે અને વપરાશ થયા પછી પ્લાસ્ટીક બોક્સ ઘર વપરાશ માં ઉપયોગી થતું હોવાથી અધીતમ માત્રા માં વપરાશ થાય છે. કુલ ૨૦૦ લોકો માંથી ૭૬ લોકો ની માહિતી મુજબ તેવો ની પ્રથમ પસંદગી પ્લાસ્ટીક બોક્સ ના વપરાશ ને વધુ મહત્વ આપે છે.

ભાવનગર ના ચાર વિસ્તારો ની માહિતી મુજબ જોઈ એ તો ૧) વિજયરાજનગર ૨) સરદારનગર ૩) શાસ્ત્રીનગર ૪) આનંદનગર માં પણ સૌથી વધુ માત્રા માં પ્લાસ્ટીક બોક્સ ઉપર પસંદગી ઉતારી છે. તેનું મુખ્ય કારણ એ જાણવા મળ્યું કે પ્લાસ્ટીક બોક્સ નો ઉપયોગ તે ઘર વપરાશ માં કરી શકે છે.

પ્લાસ્ટીક બોક્સ ની પસંદગી પછી પૂંઠા ના ખોખા ની પસંદગી લોકો કરે છે. ૨૦૦ લોકો માંથી ૫૭ લોકો એવા છે જે પૂંઠા ના ખોખા વાપરવાનું પસંદ કરે છે તેની પાછળ નું પણ એ કારણ જાણવા મળ્યું કે પૂંઠા ના ખોખા માં વસ્તુ નું પેકિંગ ખુબ જ વ્યવસ્થિત રીતે સાચવી શકાય છે. તેમજ અન્ય ઘર વપરાશ ની સામગ્રી ખાલી ખોખા માં સંગ્રહ કરી શકાય છે. કોઈ ને ભેટ આપવા માટે પૂંઠા ના ખોખા નો ઉપયોગ વધુ માત્રા માં થાય છે. પૂંઠા ના ખોખા ઉપર ભેટ માટે કાગળ થી પેકિંગ કરી ને લોકો પૂંઠા ના ખોખા નો ઉપયોગ કરતા હોય છે.

લાકડાના ખોખા નો ઉપયોગ પ્રમાણ માં ઓછો થાય છે એનું એક કારણ એવું મળ્યું કે લાકડાના ખોખા વજન માં થોડા વધુ હોય છે જેથી હેરફેર માં મુશ્કેલી પડે છે. વિસ્તાર પ્રમાણે જોઈએ તો આનંદનગર ના લોકો પૂંઠા ના ખોખા કરતા લાકડાના ખોખા નો

© 2014, SK Publisher All Rights Reserved

વધુ વપરાશ કરતા માલુમ પડે છે. પોલીથીન બેગ નો ઉપયોગ કરવાનું લોકો પસંદ કરતા નથી. શાસ્ત્રીનગર ના લોકો પોલીથીન બેગ નો ઉપયોગ ઉપર દર્શાવેલ ચારેય વિસ્તારો કરતા વધુ પ્રમાણ માં કરે છે.

## ૬. સંશોધન ની મર્યાદા

ઉપરોક્ત સંશોધન ની મર્યાદા નીચે મુજબ આપી શકાય.

૧) આ સંશોધન ફક્ત ભાવનગર શહેર ના ચાર વિસ્તારો [(૧) વિજયરાજનગર ૨) સરદારનગર ૩) શાસ્ત્રીનગર ૪) આનંદનગર)] પુરતુ સીમિત છે.

૨) પ્રસ્તુત આભ્યાસ માં યાદચ્છીક (Random) રીતે માહિતી એકત્ર કરવામાં આવેલ છે, જેના કારણે દરેક વિસ્તાર ના ૫૦ લોકો ની માહિતી ને જ ધ્યાન માં લેવાય છે.

## ૭. સંશોધન ના તારણો

પ્રસ્તુત સંશોધન માં પ્રાપ્ત થયેલ માહિતી મુજબ તેમ જ તેનું પૃથ્થકરણ કરતા એ માલુમ થયું કે ભાવનગર શહેર ના ચાર વિસ્તારો મુજબ દરેક વિસ્તાર માં પ્લાસ્ટીક બોક્સ ઉપયોગ લોકો પસંદ કરે છે. આનું મુખ્ય કારણ એ જાણવા મળ્યું કે લોકો પ્લાસ્ટીક બોક્સ નો ઉપયોગ ઘર વપરાશ માં કરી શકે છે. તેમજ લોકો પૂંઠા ના ખોખા નો ઉપયોગ પણ પસંદ કરે છે.

## References

**Books:**

1. Suja Nair, Retail Management, Himalaya Publishing House, Mumbai.
2. Sontakki, C.N., Marketing Management, Kalyani publishers, New Delhi
3. M. Shivkumar, Product Management, Himalya publishing House, Mumbai.
4. SmaSmart Management by Dr. Rupali Shah ISBN: 9789382593058.

© 2014, SK Publisher All Rights Reserved